કે.ડી. NEWS

તારીખ : 02/08/2026

# અમરેલીમાં રાજ્યકક્ષાના 80મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી માટે સમીક્ષા બેઠક યોજાઈ








રાજ્યકક્ષાના 80મા સ્વાતંત્ર્ય પર્વની આ વર્ષે અમરેલી ખાતે યોજાનારી ભવ્ય અને ગરિમાપૂર્ણ ઉજવણીના આયોજનને અંતિમ ઓપ આપવા માટે આજે અમરેલી કલેક્ટર કચેરી ખાતે રાજ્યના કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી તથા અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં અમરેલીના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ સહિત વહીવટી તંત્રના અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.બેઠક દરમિયાન રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને સુવ્યવસ્થિત, ભવ્ય અને યાદગાર બનાવવા માટે વિવિધ આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું હતું કે તા. 14 ઓગસ્ટના રોજ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં અમરેલીની નૂતન શાળાના મેદાન ખાતે 'એટ હોમ' કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાન ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જિલ્લાભરમાં કરોડો રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમો યોજાશે તેમજ રાત્રિના સમયે લોકસંસ્કૃતિ અને રાષ્ટ્રભાવનાને સમર્પિત 'રંગ કસુંબલ ડાયરા'નું આયોજન પણ કરવામાં આવશે.બેઠક દરમિયાન ઉપસ્થિત આગેવાનોએ આયોજનને વધુ સફળ બનાવવા માટે જરૂરી સૂચનો રજૂ કર્યા હતા. બેઠકમાં ડી.એફ.ઓ.શ્રી, નાયબ કલેક્ટરશ્રી, નાયબ વન સંરક્ષક શ્રી વિકાસ યાદવ સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી હર્ષિતા ગોયલ, અમરેલી પ્રાંત અધિકારીશ્રી નાકિયા, જિલ્લા વહીવટ તંત્રના અધિકારીશ્રીઓ,જિલ્લા પંચાયતના સભ્ય શ્રી આશિષભાઈ અકબરી, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી રાજુભાઈ ભુતૈયા, શ્રી મયુરભાઈ માંજરિયા, શ્રી મેહુલભાઈ ધોરાજીયા, શ્રી પી.પી. સોજીત્રા, શ્રી મધુભાઈ હરખાણી, શ્રી સંદીપભાઈ માંગરોળીયા, શ્રી વિજયભાઈ ચોટલીયા, શ્રી દિવ્યેશભાઈ વેકરીયા, શ્રી ભાવેશભાઈ ભાલીયા સહિત પદાધિકારીઓ તથા વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કે.ડી. NEWS

તારીખ : 02/08/2026

# જિલ્લા મહીલા બાળ અધિકારીશ્રી ના માર્ગદર્શન મુજબ નારી વંદન દિવસ ની ઉજવણી અન્વયે અમરેલીના અનુસૂચિત જાતિ મહિલા હોસ્ટેલ માં "મહિલા સુરક્ષા દિવસ" ની ઉજવણી કરવા માં આવેલ હતી.





તા:૧/૮/૨૦૨૬ ના રોજ જિલ્લા મહીલા બાળ અધિકારીશ્રી ના માર્ગદર્શન મુજબ નારી વંદન દિવસ ની ઉજવણી અન્વયે અમરેલીના અનુસૂચિત જાતિ મહિલા હોસ્ટેલ માં "મહિલા સુરક્ષા દિવસ" ની ઉજવણી કરવા માં આવેલ હતી.હોસ્ટેલના ગૃહમાતા જયાબેન તથા તેમના સ્ટાફ હાજર હતા,તેમજ શી-ટીમ માંથી સીટી પોલીસ સ્ટેશન ના વૈશાલીબેન ચાવડા,તેમજ મહિલા પોલીસ સ્ટેશનના શી-ટીમ માંથી મીનાબેન વાળા હાજર રહેલ,તેમજ મહિલા સહાયતા કેન્દ્ર ના રોશનીબેન મચ્છર અને રેશમાબેન બાજેર હાજર રહેલ અને આજરોજ મહિલા સુરક્ષા દિવસ નિમિતે શી _ ટીમ વૈશાલીબેન દ્વારા ત્યાં હાજર દીકરીને મહિલા સુરક્ષા અંગેની માહિતી આપવામાં આવેલ,તેમજ સાયબર સેફ્ટી બાબત માહિતી આપવામાં આવેલ,અને મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ મીનાબેન દ્વારા ઘરેલું હિંસા 2005 અધિનિયમ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ, તેમજ મહિલા સહાયતા કેન્દ્ર ના કાઉન્સિલર રોશનીબેન દ્વારા મહિલા સુરક્ષા દિવસ અંગેની માહિતી તેમજ મહિલા સહાયતા કેન્દ્રના કામગીરી ની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ,અને મહિલા સહાયતા કેન્દ્ર ના કાઉન્સિલર રેશમાબેન બાજેર દ્વારા કાર્યક્રમ ની આભાર વિધિ કરવામાં આવેલ.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સોનિકની ૧૦૦% ગેરંટી!!!

## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹૭૫૦૦ ખરીદી પર એક માલામાલ કુપન 'ફ્રી'

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

### સોનિક® જ્વેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.ડે. NEWS

તારીખ : 02/08/2026

**Sunday Special**

# આજે ફ્રેન્ડશીપ ડે

## મિત્રતા – સંબંધ નહીં, જીવનનો સૌથી સુંદર સહારો



જીવનમાં અનેક સંબંધો આપણને જન્મથી મળે છે, પરંતુ એક એવો સંબંધ છે જે આપણે પોતાની લાગણીથી બનાવીએ છીએ – તે છે મિત્રતા.જ્યારે જીવનમાં બધું જ સારું ચાલતું હોય, સુખ-સંપત્તિ, સફળતા અને સગવડો હોય ત્યારે ઘણા લોકો આપણો સાથ આપવા આવી જાય છે. પરંતુ સમયની સાચી કસોટી ત્યારે થાય છે, જ્યારે જીવનમાં અંધકાર છવાય, હાથ ખાલી હોય અને મન નિરાશાથી ઘેરાયેલું હોય. એવા સમયે જે વ્યક્તિ આપણો હાથ છોડતી નથી, આપણી બાજુમાં અડગ ઊભી રહે છે, જરૂર પડે ત્યારે પ્રેમથી ઠપકો પણ આપે છે, સાચા માર્ગે દોરે છે, આપણા સુખમાં હૃદયપૂર્વક ખુશ થાય છે અને આપણા દુઃખને પોતાનું માનીને વહેંચે છે – એ જ સાચો મિત્ર છે.સાચો મિત્ર માત્ર હાસ્યનો સાથી નથી, પરંતુ સંઘર્ષના દિવસોમાં હિંમત આપનાર, નિરાશામાં આશાનું કિરણ પ્રગટાવનાર અને ભૂલ થાય ત્યારે નિઃસંકોચ સાચી સલાહ આપનાર હોય છે. મિત્રતા સ્વાર્થથી નહીં, પરંતુ વિશ્વાસ, સ્નેહ અને નિઃસ્વાર્થ લાગણીથી જીવંત રહે છે.

**કોઈ કવિએ ખૂબ જ સુંદર પંક્તિઓ લખી છે –**

**"ઓરડામાં એકાદ ચિત્ર હોય તો પૂરતું છે,**
**જીવનમાં એકાદ મિત્ર હોય તો પૂરતું છે.**
**મિલાવેલો હાથ ભલે હોય મેલો-ઘેલો,**
**હૃદયથી પવિત્ર હોય તો પૂરતું છે.**

આ પંક્તિઓ મિત્રતાનું સાચું મૂલ્ય સમજાવે છે. મિત્રોની સંખ્યા મોટી હોવી જરૂરી નથી; પરંતુ એક એવો મિત્ર હોવો જોઈએ, જે દરેક પરિસ્થિતિમાં વિશ્વાસનો આધાર બની રહે.આજના ઝડપી અને સ્વાર્થપ્રધાન યુગમાં સાચા મિત્રની કિંમત વધુ વધી ગઈ છે. જીવનમાં ધન, પ્રતિષ્ઠા અને સફળતા ફરી મળી શકે, પરંતુ નિઃસ્વાર્થ મિત્રતા ભાગ્યે જ મળે છે. તેથી સાચા મિત્રને હંમેશા સાચવીએ, તેના વિશ્વાસને ક્યારેય તૂટવા ન દઈએ અને મિત્રતાના આ અમૂલ્ય બંધનને પ્રેમ, સન્માન અને વિશ્વાસથી જીવનભર નિભાવીએ.વિશ્વ મિત્રતા દિવસ નિમિત્તે તમામ મિત્રોને હાર્દિક શુભેચ્છાઓ. મિત્રતા સદાય અખૂટ રહે, વિશ્વાસ અડગ રહે અને સંબંધો હંમેશા હૃદયથી જોડાયેલા રહે – એવી શુભકામનાઓ.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સુવર્ણ સૌભાગ્ય

## ઉત્સવ – સમૃદ્ધિ મહોત્સવ

## 2026



## શ્રી ગોકુલ જ્વેલર્સ

ના ગ્રાહકોએ 500 થી
વધુ ઈનામો જીતીને
સાવરકુંડલામાં
રચ્યો સુવર્ણ ઈતિહાસ

## શું તમે તૈયાર છો

આ વર્ષના સુવર્ણ સૌભાગ્ય
ઉત્સવના આકર્ષક ઈનામો માટે

## શ્રી ગોકુલ જ્વેલર્સ

એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા. મો. 95373 12695, 94262 80911

* શરતો લાગુ

તારીખ : 02/08/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા નગરપાલિકા - સાવરકુંડલા, જિ. અમરેલી

## ઓફલાઈન જાહેર નિવિદા

સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદથી થયેલ રોડ-રસ્તાના ધોવાણ અને ખાડા પુરાણની કામગીરી (મોરમ/ટાશ/મેટલ) અન્વયે 10 કિમી વિસ્તારમાં પરિવહન માટે માત્ર ટ્રેક્ટર ભાડે રાખવા અંગે રસ ધરાવતા ટ્રેક્ટર માલિકો/એજન્સીઓ પાસેથી ભાવપત્રકો જાહેરાત પ્રસિદ્ધ થયાથી પ્રતિ ફેરા એકના ભાવ આમ કુલ ત્રણ ટ્રેક્ટરની જરૂરત હોય, રસ ધરાવતા ટ્રેક્ટર માલિકો/એજન્સીઓ દિન 3 માં સીલ બંધ કવરમાં ભાવપત્રક જમા કરાવવા ના રહેશે. કોઈપણ ભાવપત્રક સ્વીકારવું કે રદ કરવાનો અબાધિત હક્ક ચીફ ઓફિસરશ્રી, સાવરકુંડલા નગરપાલિકાનો રહેશે.

કે.ડી. NEWS
તારીખ : 02/08/2026

# ગ્રીન સિટી અને સુશાસનની ઓળખ સમાન પાટનગર ગાંધીનગરના સ્થાપના દિવસની ઉજવણી




ગુજરાતના પાટનગર તથા સુશાસન અને સુવ્યવસ્થિત આયોજનની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરના સ્થાપના દિવસ નિમિત્તે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે ગાંધીનગરને હરિયાળું, સ્વચ્છ, આધુનિક અને વિકાસશીલ શહેર તરીકે સતત નવી ઊંચાઈઓ સર કરતું રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.ગુજરાત રાજ્યની રાજધાની તરીકે ગાંધીનગરનું સ્થાન માત્ર વહીવટી કેન્દ્ર પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે સુઆયોજિત શહેરી વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને આધુનિક માળખાકીય સુવિધાઓનું ઉત્તમ ઉદાહરણ છે. મહાત્મા ગાંધીના નામ પરથી નામકરણ પામેલું આ શહેર 2 ઓગસ્ટ, 1965ના રોજ સ્થાપિત થયું હતું અને આજે દેશના સૌથી હરિયાળા તથા સુવ્યવસ્થિત શહેરોમાં સ્થાન ધરાવે છે.વિસ્તૃત માર્ગ વ્યવસ્થા, હરિયાળા સેક્ટરો, આધુનિક સરકારી કચેરીઓ, મહાત્મા મંદિર, અક્ષરધામ, GIFT સિટી જેવા વિકાસના કેન્દ્રો તેમજ ઉચ્ચ શિક્ષણ અને સંશોધન સંસ્થાઓના કારણે ગાંધીનગર આજે એજ્યુકેશન હબ અને રોકાણ માટેનું આકર્ષક કેન્દ્ર બની રહ્યું છે. પર્યાવરણ અને વિકાસ વચ્ચેનું સંતુલન જાળવીને શહેર સતત પ્રગતિના નવા શિખરો સર કરી રહ્યું છે.ગાંધીનગરનો સ્થાપના દિવસ માત્ર એક શહેરની વર્ષગાંઠ નહીં, પરંતુ સુશાસન, સ્વચ્છતા, હરિયાળી અને આયોજિત વિકાસના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો અવસર છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 02/08/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ઉધઈથી બચો

હવે ઉધઈનો ધ એન્ડ

## શું આપ ઉધઈના ત્રાસથી કંટાળી ગયા છો ? અને ઉધઈનો કોઈ ઈલાજ નથી મળતો..

તો આપના મકાન, બંગલા, ટેનામેન્ટ ઓફીસ વિગેરે જગ્યાએ ઈન્જેકશન દ્વારા ઉધઈ ટ્રીટમેન્ટ માટે આજે જ સંપર્ક કરો અને ઉધઈના ત્રાસથી છુટકારો મેળવો.

**કામની ગેરંટી : પુરા ૧૦ વર્ષ**

**સંજયભાઈ સોલંકી (અમરેલી)**

**મો. ૯૯૧૩૩ ૫૧૬૨૩/૯૬૬૪૯ ૫૬૦૬૨**

તારીખ : 02/08/2026

# જાફરાબાદમાં આપત્તિ વ્યવસ્થાપન અને સાયબર અવેરનેસ અંગે વિદ્યાર્થીઓને કરાયા જાગૃત




અમરેલી જીલ્લાના જાફરાબાદ વિસ્તારમાં આવેલી મોડેલ સ્કૂલ ખાતે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન તથા જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે આપત્તિ વ્યવસ્થાપન અને સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન પોલીસ અધિકારીઓ અને પોલીસ સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિ સમયે સાવચેતી રાખવાના ઉપાયો, બચાવની પ્રાથમિક કામગીરી અને ઈમરજન્સી સમયે કેવી રીતે યોગ્ય નિર્ણય લેવો તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, વધતા સાયબર ગુનાઓને ધ્યાનમાં રાખી સોશિયલ મીડિયા, ઓનલાઈન છેતરપિંડી, ફિશિંગ લિંક, OTP શેર ન કરવા, ડિજિટલ સુરક્ષા અને સાયબર ક્રાઈમથી બચવા અંગે વિસ્તૃત માહિતી આપી વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા.વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લઈ વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા, જેના સંતોષકારક જવાબ પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવાનો અને જવાબદાર નાગરિક તરીકે સાવચેત રહેવાની સમજણ વિકસાવવાનો હતો.આ કાર્યક્રમમાં જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન અને જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ, શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Delicious
PUNJABI FOOD



Aavkar
RESTAURANT & BANQUET HALL

કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/08/2026


SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## હવે બનશે આપના ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

### દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ




### મુખ્ય સુવિધાઓ

- અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડક્ટ
- વિડીયો ગેલેરી
- કોન્ટેક્ટ ડીટેઈલ્સ
- વોટ્સઅપ ડાયરેક્ટ ચેટ
- ક્લિક ટુ કોલ
- ગૂગલ મેપ લોકેશન
- બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
- કસ્ટમર રિવ્યુઝ
- સોશીયલ મીડિયા લિંક્સ
- મોબાઈલ ફ્રેન્ડલી ડીઝાઈન

તમારો ધંધો હવે **ઓનલાઇન,** દરેક સમયે દરેક જગ્યાએ!

### જેમાં આપને મળશે..

- તમારો પોતાનો ડીઝીટલ સ્ટોર
- મોબાઈલમાં સરળ અને ઝડપી મેનેજમેન્ટ
- વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર
- તમારા ધંધાનું ઓનલાઈન માર્કેટ
- ગ્લોબલ ટાર્ગેટ ઓડિયન્સ
- ગ્રાહકો સાથે સીધી વાત
- ઓર્ડર અને ગ્રાહકોનો સરળ રેકોર્ડ

100% વિશ્વસનીય સેવા

**તમારા ધંધાની ઓળખ, હવે ડીજિટલ દુનિયામાં!**

જોડાઓ આજે, અને તમારા વ્યવસાયને આપો નવી દૃષ્ટિ અને નવી ઉંચાઈ!

કે.ડી. NEWS

તારીખ : 02/08/2026

# સૌરાષ્ટ્રમાં મેઘમહેર મોરબીમાં 10 ઈંચ વરસાદ, રાજ્યના 252 તાલુકામાં વરસ્યા મેઘરાજા



સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં મેઘરાજાએ ફરી એકવાર જોરદાર બેટિંગ કરતાં અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને પગલે નદીઓ, તળાવો અને ચેકડેમોમાં નવા નીરની આવક શરૂ થતાં જળાશયો જીવંત બન્યા છે, જ્યારે ખેતરોમાં પૂરતો વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. જોકે કેટલાક શહેરોના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા જનજીવનને પણ અસર પહોંચી હતી.સૌથી વધુ વરસાદ મોરબી જિલ્લામાં નોંધાયો, જ્યાં મોરબી શહેરમાં અંદાજે 10 ઈંચ વરસાદ વરસતા અનેક વિસ્તારો જળબંબાકાર બન્યા હતા. ટંકારામાં આશરે 8 ઈંચ, હળવદમાં 7 ઈંચ, વાંકાનેરમાં 6 ઈંચ અને માળિયા મિયાણા વિસ્તારમાં અંદાજે 5 ઈંચ વરસાદ નોંધાયો હતો.સુરેન્દ્રનગર જિલ્લાના લખતરમાં આશરે 8 ઈંચ વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ 3થી 7 ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો.અમરેલી જિલ્લામાં ભારે વરસાદને પગલે નદીઓ, તળાવો અને અન્ય જળાશયોમાં નવા નીરની આવક થતાં જળસંગ્રહમાં વધારો થયો છે. રાજકોટ જિલ્લાના ધોરાજી સહિતના વિસ્તારોમાં પણ સારો વરસાદ નોંધાયો હતો. જામનગર, ભાવનગર અને બોટાદ જિલ્લામાં પણ મેઘરાજાએ મહેર વરસાવતાં ખેડૂતોમાં આનંદનો માહોલ જોવા મળ્યો.રાજ્યભરમાં કુલ 252 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર-કચ્છ ઉપર સક્રિય વરસાદી સિસ્ટમના કારણે વ્યાપક વરસાદ વરસ્યો હતો. આજે રાજ્યના કેટલાક વિસ્તારો માટે યેલો એલર્ટ યથાવત્ છે, જ્યારે આવતીકાલથી કોઈ ખાસ ચેતવણી નથી. જોકે રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં ચાલુ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.સતત વરસાદથી જળાશયો છલકાવા તરફ આગળ વધી રહ્યા છે, જેનાથી કૃષિ અને પીવાના પાણીની દૃષ્ટિએ રાહતની સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ, નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને જરૂરી સાવચેતી રાખવા અને સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




તારીખ : 02/08/2026

# સંત રવિદાસજીના આદર્શોથી સમરસ સમાજના નિર્માણનો સંકલ્પ

## ભીલા ગામે 650મા પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે સામાજિક સમરસતા સંકલ્પ અભિયાન યોજાયું



બાબરા તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા સંત શિરોમણી ગુરુ રવિદાસજીના 650મા પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે સામાજિક સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત બાબરા તાલુકાના ભીલા ગામે વિહાઆપાના સાનિધ્યમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત વક્તાઓએ સંત રવિદાસજીના જીવનચરિત્ર, ઉપદેશો અને સમાજ સુધારણામાં તેમના અમૂલ્ય યોગદાન પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સંત રવિદાસજીએ સમગ્ર માનવજાતને જાતિ-પાતિ અને ભેદભાવથી ઉપર ઊઠીને સમરસતા, સમાનતા, ભાઈચારો અને સેવા ભાવનાથી જીવન જીવવાનો સંદેશ આપ્યો હતો. તેમના વિચારો આજે પણ સમાજમાં એકતા, સૌહાર્દ અને માનવતાના મૂલ્યોને વધુ મજબૂત બનાવવામાં પ્રેરણારૂપ બની રહ્યા છે.આ પ્રસંગે ઉપસ્થિત સૌએ સંત રવિદાસજીના આદર્શોને જીવનમાં આત્મસાત કરી સમરસ, સમાન અને સુમેળભર્યા સમાજના નિર્માણ માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયા, તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જયાબેન ગેલાણી, તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કિરીટભાઈ બગડા, મધુભાઈ ગેલાણી સહિત ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રકાશ પ્રિન્ટર્સ

પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...

# તમારા બિઝનેસ લોગો અને ડિટેલ સાથે પોસ્ટર મેળવો

માત્ર **249** 1 વર્ષ

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ
(આપની ચોઈસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઈન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે

સાથે મેળવો

અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....

દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બર્સશીપ લીધેલ)
આકર્ષક ભેટ આપવામાં આવશે.

તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ
મોબાઈલનાં પ્લેસ્ટોરમાં જઈને

# PRAKASH PRINTERS

વધારે માહીતી માટે સંપર્ક - મો. 9409545745

કે.ડી. NEWS
તારીખ : 02/08/2026

# બાબરા તાલુકાના ખંભાળા ગામે બાલિકા પંચાયત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ખંભાળા ગામ ખાતે આંગણવાડી વર્કર બહેનો તથા બાલિકા પંચાયતની દીકરીઓ માટે જાગૃતિ અને માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં આંગણવાડી વર્કર બહેનો, બાલિકા પંચાયતની દીકરીઓ તેમજ જિલ્લા હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન (DHEW)ની ટીમ ઉપસ્થિત રહી હતી.કાર્યક્રમ દરમિયાન આંગણવાડી વર્કર બહેનો અને બાલિકા પંચાયતની દીકરીઓને બાલિકા પંચાયતના હેતુ, તેની રચના અને કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત દીકરીઓ સાથે સંવાદ યોજી તેમની ભાગીદારી અને નેતૃત્વ ક્ષમતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ સાથે જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મુકાતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમના અંતે બાલિકા પંચાયતની સરપંચ દીકરીઓને નેમ પ્લેટ અને ટી-શર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત 'બેટી બચાવો, બેટી ભણાવો' (BBBP) અભિયાનના લોગોવાળી કેપ, બાલિકા પંચાયત માર્ગદર્શિકા પુસ્તક તેમજ વિવિધ યોજનાઓ અંગેના માહિતીસભર પેમ્ફલેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ દ્વારા દીકરીઓમાં નેતૃત્વ, જાગૃતિ અને સરકારી યોજનાઓ પ્રત્યેની સમજ વધે તેમજ સમાજમાં તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન મળે તેવો મુખ્ય ઉદ્દેશ્ય સિદ્ધ કરવામાં આવ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક




## અઢળક કેકની વેરાયટીઓ

New collection

**મેરેજ બોક્સ - ડ્રાયફ્રૂટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી**




**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા

## લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838



કે.ડી. NEWS ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/08/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"વાંસો આપણને બીજાનો જ દેખાતો હોય એટલા માત્રથી આપણું જીવન જેખમમાં નથી હોતું, પણ વાંક આપણને જ્યારે બીજાનો જ દેખાતો હોય છે ત્યારે આપણું જીવન જોખમમાં હોય છે. સાવધાન !"




**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

**3472**
**02/08/2026**
**Sunday**

## आत्मा

जिवन में सदैव याद रखो
आप अकेले आये हो और
अकेले ही जाओगे केवल
साथ है, आपकी आत्मा
उस आत्मा के साथ तो
"30 मिनिटें" बैठो

बाबास्वामी
2/8/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





પત્ની: આજે રવિવાર છે, ક્યાંક ફરવા લઈ જાઓ ને!

પતિ: પહેલા પેટ્રોલના ભાવ જોઈ આવું..

પત્ની: કેમ?

પતિ: નક્કી કરવું છે કે બાલ્કનીમાં ફરવું કે બગીચામાં!

---

મમ્મી: બેટા, આજે રવિવાર છે, મોડું ઊઠીશ?

દીકરો: ના મા...

મમ્મી: વાહ! સુધરી ગયો?

દીકરો: ના, આખી રાત મોબાઈલ ચલાવીને જાગ્યો છું!

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 02/08/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 2 ઓગષ્ટ
# મહત્વની ઘટનાઓ

**૧૭૯૦ –**

અમેરિકામાં પ્રથમ વસ્તી ગણતરી (જનગણના) કરવામાં આવી.

**૧૮૭૦ –**

લંડનમાં વિશ્વની પ્રથમ ભુગર્ભ રેલ્વે,'ટાવર સબવે', ખુલ્લી મુકાઈ.

**૧૯૩૨ –**

'કાર્લ ડી.એન્ડરસને' પોઝિટ્રોન (વિજાણુનો પ્રતિકણ)ની શોધ કરી.

**૧૯૩૯ –**

આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને 'લિઓ ઝિલાર્ડ' અમેરિકાનાં પ્રમુખ રૂઝવેલ્ટને પત્ર લખ્યો, જેમાં પરમાણુ શસ્ત્ર બનાવવાનાં કાર્યક્રમ 'મેનહટ્ટન પ્રોજેક્ટ'ને ઝડપથી શરૂ કરવા પર ભાર મુક્યો.

**૧૯૯૦ –**

ઈરાકે કુવૈત પર આક્રમણ કર્યું, જે આગળ જતાં ખાડીયુદ્ધમાં પરીણમ્યું.

**જન્મ**

**૧૯૨૨ -**

એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ જેમને સૌપ્રથમ વ્યવહારુ ટેલિફોનની શોધનો યશ આપવામા આવે છે.

**૧૯૬૬ –**

એમ.વી.શ્રીધર, ભારતીય ક્રિકેટર

તારીખ : 02/08/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 02/08/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/08/2026


SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 76K | 53K | 40K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**